# શ્રી જૈન ધર્મ પ્રકાશ

આસો


પુસ્તક ૭૩ મું
અંક ૧૨
૧ લી ઓકટોબર

વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩
ઈ. સ. ૧૯૫૭


असासए सरीरम्मि,
रइं नोवलभामहं ।
पच्छा पुरा व चइयव्वे,
फेणबुब्बुयसंनिभे ॥ ९ ॥

આ શરીર પાણીના ફીણમાં ઊઠતા પરપોટા જેવું નાશવંત છે, તેને પહેલાં કે પછી ગમે ત્યારે એક વખત છોડવાનું તો છે જ, તો પછી એવા અશાશ્વત શરીરમાં મને ચેન પડતું નથી, અર્થાત્ ગમે તેવા ત્યારે પડી જનારા શરીર તરફ મને પ્રેમ થતો નથી, એમ સાધક પુરુષ વિચાર કરે છે.

माणुसत्ते असारम्मि,
वाहि-रोगाण आलए ।
जरामरणघत्थम्मि,
खणं पि न रमामहं ॥ १० ॥

વ્યાધિ અને ભયંકર રોગોના ઘર જેવા આ મનુષ્ય દેહમાં મને જરા પણ એક ક્ષણ માટે પણ ચેન પડતું નથી. વળી એ દેહ હંમેશ ઘડપણ અને મરણથી તો ઘેરાએલો જ છે, એટલે એમાં રહીને એક ક્ષણ પણ લહેર કરવાનું મન થતું નથી, એમ સાધક પુરુષ વિચારે છે.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | સંગ તેવો રંગ | ( સુશીલા બહેન ચીમનલાલ ઝવેરી ) | ૧૬૧ |
| ૨ | શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૧૬૨ |
| ૩ | શ્રી વર્ધમાન-મહાવીર : ૧૮ : | ( સ્વ. શ્રી મોતીચંદ ગિ. કાપડીયા—મૌક્તિક ) | ૧૬૩ |
| ૪ | શ્રી સિદ્ધસેન દિવાકર એ જ ક્ષપણક | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકશી ) | ૧૬૬ |
| ૫ | હું કોણ છું ? | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૧૬૮ |
| ૬ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક : ૭ | ( અનુ૦ આચાર્યશ્રી વિજયમહેંદ્રસૂરિજી ) | ૧૬૯ |
| ૭ | જૈન ગુર્જર ચિત્ર-કવિઓ | ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા ) | ૧૭૧ |
| ૮ | દીપાલિકા અને પ્રભુશ્રી મહાવીર | ( મુનિરાજશ્રી હંસસાગરજી ) | ૧૭૩ |
| ૯ | વાર્ષિક અનુક્રમણિકા | | ૧૭૫ |
| ૧૦ | પુસ્તકોની પહોંચ | | ટા. પે. ૩ |



શારદા પૂજન વિધિ

## જૈનવિધિ પ્રમાણે વહીપૂજન કરો

જૈનવિધિ પ્રમાણે વહીપૂજન–શારદાપૂજન કરવું તે ફાયદાકારક છે. આ વિધિમાં પ્રાચીન શારદા સ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના છંદો પણ સાથેસાથ આપવામાં આવેલ છે; તો દીપોત્સવી જેવા મંગળકારી દિવસોમાં આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભકારક છે. વાંચવી સુગમ પડે તે માટે ગુજરાતી ભાષામાં જ છાપવામાં આવી છે.

કિંમત : એક આનો — સો નકલના રૂા. સાડા પાંચ

લખો—શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર


## આ ભા ર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક શ્રીયુત ભોગીલાલભાઇ નગીનદાસ, જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ સં. ૨૦૧૪ ની સાલના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ તેમજ "શ્રી જૈનધર્મ પ્રકાશ" માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મળ્યા છે, જે આ અંક સાથે છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૩ મું
અંક ૧૨

આસો

વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩

## સંગ તેવો રંગ

માનવીના મનના ચિત્રવિચિત્ર ઢંગ છે;
કાનૂનનું એક અંગ, જેવો સંગ તેવો રંગ છે.
યોગીના સહવાસથી યોગીઓ સર્જાય છે;
વ્યસનીતણા સહવાસથી, સજ્જન દુર્જન થાય છે.
જેમ કાષ્ટકેરા સંગથી, લોહું તરીને જાય છે;
સંગ મળે ના કાષ્ટનો, તો લોહું ડૂબી જાય છે.
માનવ-સમૂહ સાગરમહીં, કંઇ પક્ષ નજરે ચઢે.
રાખે અપેક્ષા વ્યોમવિહારની ને ઉદધીને તળિયે પડે;
આગ્રહ રાખે અહંવાદનો, એ જ પોતાને નડે;
કલ્પતરુની માન્યતામાં, વિષફળ ખાઇ સડે.
કહેશે અમને સંગનો ના, લેશ પણ રંગ લાગતો;
ભર નિંદમાંહી પોઢતા, આત્મા હમારો જાગતો.
સર્જન વિસર્જન કાળનું, એ બુદ્ધિજન્ય માનતો;
કર્મ શેતરંજ પરે સુખ–દુઃખરૂપી પ્યાદું બનીને નાચતો.
છે એક પક્ષ એવો જે, સર્વ ઇશ્વરમાન્ય છે;
માંસ મદિરા ઇંડા ને વળી, ખાવા માટે ધાન્ય છે.
સર્જનહારે સર્વ સર્જ્યું, ઉપભોગ ને સન્માન્ય છે;
આફત અને આબાદી કેરું ઇશ્વર જ સુકાન છે.

—રચયિતા-સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન

卐

( માતા મરુદેવીના નંદ, દેખી તહારી મૂરતી–રાગ )

શ્રી સિદ્ધચક્રજી ભગવાન, કરતાં તહારું સ્મરણ–
મહારું દિલ લોભાણુંજી.

કરુણાનાગર કરુણાસાગર, કાયા પચરંગ જાણ;
પચરંગી એવા નવપદ ધ્યાને, પામું શિવપુર સ્થાન. ૧

પ્રથમ પદે જે વચ્ચે બિરાજે, દેવધુરી અરિહંત;
શ્વેતવર્ણ ગુણથી જે કહીયો, નમો નમો ભગવંત. ૨

સિદ્ધશિલાએ સિદ્ધ બિરાજે, અજરામર પદ સ્થાન;
જ્યોતિમાંહી જ્યોતિ સમ રહ્યા જે, રક્તવર્ણ ભગવાન. ૩

ત્રીજે પદે સૂરિ કહ્યા જે, પંચ મહાવ્રત ધાર;
પંચાચારને પાળતા રે, વર્ણ કંચન સુખકાર. ૪

ઉપાધ્યાય જે શિષ્યનેજી, જ્ઞાનતણા દાતાર;
શુષ્ક વૃક્ષને જ્ઞાનવારિથી, નીલ વર્ણ કરનાર. ૫

પંચમે સ્થાને મુનિ બિરાજે, સરાગી ગુણનું સ્થાન;
સદ્ગુરુસંગે રમતા રંગે, શ્યામ વર્ણનો વાન. ૬

સમ્યગ્દર્શન જ્ઞાન તથા જે, ચારિત્ર જયકાર;
ઉત્તમ તપ જે કહ્યો નવમે, ચાર શ્વેત ધરનાર. ૭

એ નવપદને જે આરાધે, ભવિજન ધરી બહુમાન;
મનોહર શિવપદ પામશેજી, મનમોહન સોપાન. ૮

કષ્ટ પડતાં જે જન સમરે, સિદ્ધચક્ર સુનૂર;
વિમલેશ્વર ચક્રેશ્વરી દેવી, વિઘ્ન કરે સબ દૂર. ૯

—મુનિરાજ શ્રી મનમોહનવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

## ૧૮

**પ્રજાપતિઃ**–મહારાજા રિપુપ્રતિશત્રુને તો જાણે કાંઈ નવું બન્યું હોય, અસાધારણ બન્યું હોય કે અયોગ્ય બન્યું હોય, એમ લાગ્યું જ નહિ. એણે મૃગાવતી પર પોતાનો જાદુ અજમાવવા માંડ્યો. પુત્રીને પ્રથમ તો વિચિત્રતા લાગી, પણ રાજરમતની સોગઠીને અંતે એ તાબે થઇ અને પિતાને પતિ તરીકે સ્વીકારી ગઈ. થોડો વખત એ બહાર ન નીકળી, એણે દુનિયામાં એના સંબંધી ચાલતા અપવાદ જાણ્યા પણ અંતે ઘીને ઘડે ઘી થઈ ગયું અને પોતે પિતા સાથે પત્ની તરીકે નિરંકુશ વિલાસ કરવા માંડી. રાજાને તો એ વાતમાં ખાસ શરમ જેવું લાગ્યું જ ન હોતું એટલે ધીમે ધીમે સર્વ વાત ગોઠવાઇ ગઈ અને જામી જતી ગઇ. દુનિયાએ અપવાદ કર્યો, લોકોએ આ અમાનુષી વર્તનની નિંદા કરી, મહિનાઓ સુધી પોતનપુરની દુનિયામાં તો રાજાનાં નીચ કૃત્યની વાતનો મુખ્ય વિષય ચાલુ રહ્યો, લોકોએ અવહેલના અને મશ્કરીમાં રાજાનું 'પ્રજાપતિ' એવું ઉપનામ કર્યું અને ત્યારપછી એ પ્રજાપતિના નામથી જ ઓળખાવા લાગ્યો. એ રાજામાં એટલી બધી ધૃષ્ટતા હતી કે એ પ્રજાપતિના નામથી ઓળખાવામાં ઊલટું ગૌરવ માનતો હતો 'પ્રજા' એટલે સંતતિ, એનો પતિ થવાના નીચ નામાભિધાનનો એ પોતાના મનમાં ફાવે તેવો અર્થ કરતો હતો. બહાનું તે ઉપનામ હોઈ પોતે પ્રજાપતિ કહેવરાવવામાં પોતાનું ગૌરવ સમજતો હતો અને ધીમે ધીમે પોતાનું મૂળ નામ મૂકી દઇ પોતાનું 'પ્રજાપતિ' નામ ચાલુ કરી દેવામાં પોતાની મહત્તા માનવા લાગ્યો. ચાલુ વ્યવહારમાં કદી ન બને તેવું નીચ અને અધમ કૃત્ય કરનાર માણસોમાં પણ જો ઉદ્ધતાઇ કે અધમતા એની પરાકાષ્ઠા સુધી ન હોય તો એ તો ફૂલ મૂકીને સમાજમાં ચલાવી શકે છે અને અધમતાને કારણે આગળ પડતો ભાગ પણ લે છે. કોઇ કોઇવાર નીચ, અધમ કે દુરાગ્રહી માણસો પોતાના નીચ કૃત્યની તુમાખીમાં સમૂળગું વધારે પડતું આગળનું સ્થાન મેળવવા પામે છે અને અધમતા ઉપર ફૂમકું (કલગી) ચઢાવે છે. મહારાજા રિપુપ્રતિશત્રુને એમ જ બન્યું. એણે દીકરી સાથે વિલાસ કરવામાં અનૌચિત્ય તો ન જ જોયું, પણ એમાં પોતાની હોશિયારી માની અને વગર સંકોચે પોતાના અપકૃત્યમાં એ એટલો આગળ વધી ગયો કે પોતાની સગી દીકરી સાથે વિષયસુખ ભોગવવામાં કે રતિ-કલહ કરવામાં એને જરા સંકોચ પણ ન થયો અને એકંદરે મૃગાવતી અને પ્રજાપતિ પતિપત્ની તરીકે નિરંકુશ અને નિઃસંકોચ વિહરવા લાગ્યા; ભોગ ભોગવવા લાગ્યા અને ધીમે ધીમે પિતાપુત્રીનો સંબંધ કોઇ કાળે હતો એ વાત પણ વીસરી જવા લાગ્યા. રાજપુરુષો અને રૈયત ધીમે ધીમે એ વાતને આધીન થઇ ગયા અને દુનિયાની ઘટના પ્રમાણે વ્યવહાર ચાલવા લાગ્યો. ધીમે ધીમે પિતાપુત્રીનો સંબંધ માત્ર ઐતિહાસિક ઘટના બની ગઈ અને પતિપત્નીનો સંબંધ પૂરપ્રવાહમાં ચાલુ થઇ ગયો અને દુનિયાના ઇતિહાસમાં એક અભૂતપૂર્વ બનાવનું પ્રકરણ ઉમેરાયું.

**સાત સ્વપ્નઃ**–વિશ્વભૂતિનો જીવ સાતમે દેવલોકે દેવ થયો હતો, તેની પુષ્પમાળા હવે કરમાવા લાગી. દેવોને છ માસ છેલ્લા બાકી રહે ત્યારે એને દેવભૂમિના આનંદવિલાસની અસ્થિરતાનું ભાન થાય છે. ગળાની માળા કરમાવા માંડે ત્યારે દેવભૂમિમાંથી પોતાને ટૂંક અરસામાં વિદાય થવાનું છે એ વાતનો ખ્યાલ થાય છે. પછી કરેલા આનંદની ક્ષણિકતા તરફ વિચાર આવે છે. પૌદ્ગલિક આનંદમાં એ ખાસિયત છે કે એની અવધિ પૂરી થાય ત્યારે એ ચાલ્યા જાય છે અને જાય ત્યારે પોતાની પાછળ ભારે કચવાટ મૂકી જાય છે, ખાધું એટલે ખલાસ થયું અને પછી શું? એટલે એવા આનંદનો છેડો આવે છે ત્યારે મનમાં ભારે ઉકળાટ, ખેદ અને દુઃખ કરીને એ જતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જતી પૂછડું મારતા જાય છે. પછી તો છેલ્લા છ માસમાં દિલને એટલું દુઃખ થાય છે કે એવડા મોટા દીર્ઘકાલના સુખ ઉપર પાણી ફરી વળે છે અને ગ્લાનિ, પશ્ચાત્તાપ અને કકળાટ એનું સ્થાન લે છે. વિશ્વભૂતિને વિષય તરફ એટલું આકર્ષણ ન હોતું કે એને મૂકવાના ખ્યાલે એ પરેશાન થઇ જાય, છતાં દેવગતિની અનુકૂળતાનો પોતે ખાસ લાભ ન લઇ શક્યા તે માટે એને ખેદ તો જરૂર થયો. એને તો પોતાના અંગત સ્થાનથી અને પોતાની મહત્તાની વધારે પડી હતી. દેવગતિમાં એને સામાન્ય દેવનું સ્થાન મળ્યું પણ એ કાંઇ ઇંદ્રનો પાર્શ્વદ કે મહર્દ્ધિક દેવ ન થઇ શક્યો, એ વાતનો એને ખેદ રહ્યો. સત્તર સાગરોપમનો કાળ પૂરો કરી એ વિશ્વભૂતિ થયેલ દેવ એક દિવસે દેવગતિમાંથી વિદાય થયા અને મહારાજા રિપુપ્રતિશત્રુ જે હવે પ્રજાપતિને નામે દુનિયામાં મશહુર થઇ ગયા હતા તેને ઘેર જન્મ લેવાને માટે દેવભૂમિમાંથી ચ્યવ્યા. જે રાત્રે દેવભૂમિમાંથી એ ચ્યવ્યા તે રાત્રે રાણી મૃગાવતીને સાત સ્વપ્ન* આવ્યાં. મોટાભાઇ અચળના જન્મ વખતે દેવી ભદ્રાને ચાર સ્વપ્ન આવ્યાં હતાં તેની હકીકત ઉપર રજૂ કરવામાં આવી હતી તે પ્રમાણે આ રાત્રે રાણી મૃગાવતીને સાત સ્વપ્ન આવ્યાં. ચૌદમાંથી ગમે તે સાત સ્વપ્ન આવે. એ સ્વપ્ન બહુ ચમકદાર અને દિવ્ય હોઇ મગજ પર પાકી અસર કરે છે અને માતાને અનુક્રમે એની વિગત સાથે બરાબર યાદ રહે છે. ઉચ્ચ પ્રાણી, વસ્તુ કે સ્થાનના આ સાત સ્વપ્ન શું છે? તેનો આશય શો છે? અને તેનાં ફળ કેવાં થશે તેની બીજી પ્રભાતે તપાસ કરતાં અને સ્વપ્નના નિષ્ણાત અભ્યાસીઓને પૂછતાં માલૂમ પડે છે કે આવાં સ્વપ્નાં નિરર્થક નથી આવતાં અને તેઓએ કહેલા અર્થ પ્રમાણે નવ માસને અંતે પુત્રજન્મની એ આગાહી છે અને એવો પુત્ર અર્ધી પૃથ્વીનો રાજા થશે એવો તેનો અર્થ છે. આ પ્રમાણે હકીકત જાણવામાં આવતાં પ્રજાપતિ અને મૃગાવતી રાજી થયાં.

## કર્મનો મહિમા

સાત સ્વપ્નથી વાસુદેવના સૂચિત ભાવસહિત મૃગાવતીના ઉદરમાં આવેલા વિશ્વભૂતિના જીવના સંબંધમાં ખાસ વિચારવા યોગ્ય પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે. એણે મરીચિના ભવમાં નીચગોત્ર કર્મ બાંધ્યું તેની અસર હજુ ચાલ્યા કરે છે. આ વખતે એનું દારિદ્રય કુળ ગયું, તો પણ વંશપરંપરામાં એને હલકાઇની છાપ સાંપડી, એને રાજકુળ પ્રાપ્ત થયું, તો પણ એના માતપિતાના સંબંધમાં કહેવાપણું પ્રાપ્ત થયું, એને અડધી પૃથ્વીના ધણીપણાની પ્રાપ્તિનો પ્રસંગ ઊભો થવા સાથે એના માબાપના અધમ, નીચ, અમાનુષી, અવ્યવહાર્ય સંબંધની છાપ એના જન્મ પહેલાં એની પર છપાઇ ગઇ. આવા રીતે બાંધેલ કર્મો, જમાવેલ વાસનાઓ અને પડેલા સંસ્કારો પ્રાણીને છોડતાં નથી. પોતાની અસરો જમાવ્યાં વગર રહેતાં નથી અને ગમે તેવાં સ્થાન પર કે ગમે તેવી ગતિમાં જાય, ત્યાં તેનો ભાવ ભજવ્યા વગર રહેતાં નથી. રાજાને ત્યાં જન્મ થવાની અને અર્ધચક્રવર્તી થવાની અસાધારણ તક મળે તેવાને દુનિયા તેની હાજરીમાં નમે, પૂજે કે બિરૂદાવે પણ તેની ગેરહાજરીમાં તેને નીચ, અધમ અને અયોગ્યની કક્ષામાં મૂકે એ પણ ભારે આકરો વિષય છે, પરિતાપ ઉપજાવે તેવો પ્રસંગ છે. ઉચ્ચ સ્થાન પર કાળા ડાઘ સમાન બટ્ટો છે, સોનાની થાળીમાં લોઢાની મેખ છે, ચંદ્ર જેવી શાંત દ્યુતિમાં હરણના ચિહ્ન જેવું કલંક છે. બાંધેલ કર્મ આવી રીતે પોતાના

* મૃગાવતીને આવેલાં સાત સ્વપ્નો આ પ્રમાણે બતાવ્યાં છે. ૧. યુવાન કેસરીસિંહ, ૨. પદ્માસનસ્થિત લક્ષ્મીદેવી, ૩. તેજથી ભરપૂર સૂર્ય, ૪. પુષ્પમાળ યુક્ત કુંભ-ઘડો, ૫. રત્ન પ્રકાશિત સમુદ્ર, ૬. કાંતિમય પંચવર્ણી રત્નનો ઢગલો, ૭. ઉચ્ચ જ્વાળાથી શોભતો નિર્ધૂમ અગ્નિ. આ સાત સ્વપ્ન અને બળભદ્રના પ્રસંગે ભદ્રા માતાને આવેલાં ચાર સ્વપ્નાં સરખાવવા યોગ્ય છે. ત્રિપૃષ્ટ અને બળદેવના જીવનપંથમાં કેટલો ફેરફાર છે તેનાં તે સૂચક છે. ભદ્રા હાથી, બળદ અને ચંદ્ર તથા સરોવર જુએ છે ત્યારે ત્રિપૃષ્ટની માતા ભયંકર કેસરીસિંહથી માંડીને ધૂંવાડા વગરનો અગ્નિ જુએ છે. બન્નેના જીવનમાં અને વ્યવહારમાં આ બન્ને પ્રકારનાં સ્વપ્નો સૂચિત ભાવની આગાહી કરે છે તે લક્ષ્યમાં રાખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળ આપ્યાં વગર જતાં નથી અને કર્મ બાંધતી વખતે તેની ચીકાશ પ્રમાણે પોતાની બાંધેલી મુદત સુધી સાથે ને સાથે ચાલ્યાં કરે છે. અને આગળથી બધું રાંધી મૂકી પ્રાણીને પોતાનાં ફળોનું આસ્વાદન કરાવે છે. આવી પરિસ્થિતિમાં વિશ્વભૂતિનો જીવ મૃગાવતીના ઉદરમાં ઉત્પન્ન થયો. મહારાજા પ્રજાપતિએ સ્વપ્નનો વિસ્તારથી અર્થ કરનાર નિષ્ણાતોને બોલાવ્યા. સ્વપ્નના ઉપર અનેક ગ્રંથો લખાયેલા છે. એના અભ્યાસીઓને 'સ્વપ્નપાઠક' કહેવામાં આવે છે. તેમના મત પ્રમાણે કોઇ સ્વપ્ન નિરર્થક હોતું નથી. એમાં દેખાયલી વસ્તુ, એનો સમય અને એની પરિસ્થિતિ પરથી તેઓ એનો ફળાદેશ કરે છે. એ પ્રમાણે સ્વપ્નપાઠકો પાસે પ્રજાપતિ રાજાએ સાત સ્વપ્નાઓ સંબંધી વાત કરી, ત્યારે તેમણે પોતાના ગ્રંથો તપાસી સ્વપ્નાની બહુ તારીફ કરી અને મૃગાવતીદેવી એક અતિ બળવાન પુત્રને જન્મ આપશે અને તે પુત્ર અડધી ધરતીનો માલિક બની પોતાની આજ્ઞા વિસ્તારશે એવી આગાહી સાંભળી રાજારાણીના મનમાં આનંદ થયો અને સ્વપ્નપાઠકોને યોગ્ય ઇનામ, ભેટ અને પોશાક આપી વિદાય કર્યા.

## ત્રિપુષ્ટજન્મ

રાણી મૃગાવતી તો હવે પ્રજાપતિની પાકી રાણી બની ગઇ હતી, પોતે રાજાની એક વખત પુત્રી હતી તે વાત પણ ભૂલી ગઇ હતી. એને જે જે દોહદો થયા તે તે સર્વ રાજા પ્રજાપતિએ પૂરા પાડ્યા. એના દોહદોમાં પણ જંગલમાં જવું, સિંહ પર સ્વારી કરવી, છોકરાંઓને અંદર અંદર લડાવવા અને એવી એવી વાત જ આવતી. સૂચક વાત એ છે કે એને સારી ચીજો ખાવાના દોહદો કદી ન થયા. સામાન્ય રીતે ગર્ભિણી સ્ત્રીઓને નવાનવા પ્રકારની વસ્તુઓ ખાવાની ઇચ્છા થાય છે, કોઇને મીઠાઇની કે ફળો ખાવાની અભિલાષા થાય છે, કોઇને વગર ઋતુએ કેરી ખાવાની ઇચ્છા થાય છે તો કોઇને માટી ખાવાના મનોરથ થાય છે. મૃગાવતીને ખાવા સંબંધી મનોરથ થયા જ નહિ. એને તો હાથીઓને સામસામા લડાવવાના, જંગલમાં આંટા મારવાના અને એવા એવા મનોરથો થયા અને રિપુપ્રતિશત્રુ જે હવે ખુલ્લી રીતે પ્રજાપતિને નામે પ્રસિદ્ધ થઇ ગયા હતા તેણે તે સર્વ મનોરથો પૂરા કર્યા. આવી રીતે નવ માસ દશ દિવસનો પૂર્ણ સમય થતા પૂર્ણ દિવસે મૃગાવતીએ શુભ સમયે પુત્રને જન્મ આપ્યો. આ નૂતન પુત્ર તેજસ્વી હતો, વિશાળ ભાલ-કપાળથી વિરાજિત હતો અને એને માટે થયેલી આગાહી પૂરી પાડે એવા સુલક્ષણોથી લક્ષિત હતો. એની પીઠ પર તેવડી પાંસળીઓ હતી, એ પૃષ્ઠકરંડકથી અભિરામ હતો, એ કારણે એનું ત્રિપૃષ્ટ નામ પાડવામાં આવ્યું. સામાન્ય રીતે વાંસમાં પાંસળી હોય છે પણ આ નવા પુત્રને મધ્યમાં પાંસળી એકને બદલે ત્રણ હશે એમ જણાય છે. એના સંબંધમાં શ્રી હેમચંદ્રાચાર્ય લખે છે કે—'તેના પૃષ્ટ ભાગમાં ત્રણ પાંસળીઓ હતી તેથી તેનું ત્રિપૃષ્ટ એવું નામ પાડ્યું.' ગુણચંદ્રગણિ કહે છે કે—'બીજે દિવસે તે બાળકના પૃષ્ટ પર ત્રણ કરંડક-અસ્થિબંધન જોતાં નામનો નિશ્ચય કરીને કુળવૃદ્ધાઓએ પરમ વિભૂતિપૂર્વક તેનું ત્રિપૃષ્ટ એવું નામ પાડ્યું.' ગુજરાતી શબ્દચિંતામણિમાં તેનું નામ 'ત્રિપુષ્ટ' તરીકે બતાવ્યું છે, તેની વ્યુત્પત્તિમાં જણાવે છે, त्रयः धर्मार्थकामाः पुष्टः यस्य એટલે જેમાં ધર્મ, અર્થ ને કામ મજબૂત છે તે, તેનો અર્થ ભાષામાં કરતાં તે જણાવે છે 'જૈન મતમાં વાસુદેવ નામના રાજાઓમાંથી કોઇ પણ એક' ચરિત્રકારે 'ત્રિપૃષ્ટ' નામ આપ્યું મારા જાણવામાં આવ્યું નથી. એનામાં બળ ઘણું હતું. એના નિયાણાબંધનું એ પરિણામ હતું અને બળનું સ્થાન પીઠ પર રહે છે, છાતી અને પીઠ મળીને બળની ગણતરી થાય છે, અને તેવડી પીઠ હોય તો તેનું બળ તેવડું થાય છે, તે સર્વ બાબતનો વિચાર કરતાં 'ત્રિપૃષ્ટ' નામ વધારે બંધબેસતું જણાય છે. (ચાલુ)

—સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ (મૌક્તિક)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



identical with the well-known Ksapanaka. This view perfectly commends itself to me. There is proof enough that Siddhasena was a Jain Sage and lived in the court of Vikramaditya. That Ksapanaka was one of the nine gems of the court of Vikramaditya is also very widely known and it remains only to prove that he was a Jain sage. We have instances enough in the Pancatantra where the Jain ascetics are nicknamed as Ksapanaks. The following instances from the Avadana Kalprata will show that the Buddhits also designated rather nicknamed, the Jaina ascetics as Ksapanaka.

भगवद्भाषितं तत्तु सुभद्रेण निवेदितम् ।
श्रुत्वा क्षपणकः क्षिप्रमभूद् द्वेषविषाकुलः ॥९॥
तस्य सर्वज्ञतां वेत्ति सुभद्रो यदि मद्गीरा ।
तदेष क्षपणश्रद्धां त्यक्ष्यति श्रमणादरात् ॥१२॥
मूर्खक्षपणभक्तेन तद्गिरा हतयोषिता ।
त्वया त्यक्तस्वपुत्रेण किं नाम सुकृता कृतम् ॥४०॥

( Jyotiskavadana )

Indian Research Society-Calcutta
Saratchandradas

## 2 Amichand was not a Jain
( talk with Nawab )

It is a lie could be proved against any person England, he added, he would be "spit upon and never trusted" Amichand swore to this statement by touching a Brahman's foot, he wondered that, when not long afterwards he was undeceided, or shamefully deceived by the white men whom he threatened to betray he went nearly mad.

*—Editorial Notes P. 87*

Amichand was a Punjabi by race and a Sikh by religion. It is said that he also was offered the honour and appointment of a Jagat seth shortly before the Nawab's attack on Calcutta. Anyhow he was a rival of the descendants of the Jain Manickchand. He had for many years acted as the agent of the English and he figures as an important personage in the negotiations of the British with other parties...Governor Drake imprisoned Amichand when he suspected him of treachery in 1756. Amichand surrendered without resistance, but his brother-in-law Hazarimal and his Jamadar made a stout resistance.

*—Editorial Notes P. 90*

While the Jagat Seths set up Mir Jafar, their rival Amichand supported Rutfkhan The British preferred Mir Jafar as the more capable man. The Jagat Seths insisted upon the exclusion of Amichand's name from the treaty with Mir Jafar, and Amichand threatented to betray the plot to the Nawab's if his name was left out. The Jagat Seths do not seem to have held out a like threat in case their request was not complied with; yet there was no certainty as to the line of action they would adopt.

*—Editorial Notes P. 91*

In the circumstances Clives decided upon the famous trick whereby he out-wittel the Punjabi banker.

*—B. M. Malafari*
East and West January 1907

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હું કોણ છું?

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

कोऽहम् એટલે હું કોણ છું? પ્રથમ દર્શને એ પ્રશ્ન જ સ્વાભાવિક રીતે અસંગત લાગે છે. અન્ય કોઈને માટે તપાસ કરવાની દૃષ્ટિથી એ પ્રશ્ન થઈ શકે. અમુક કોણ છે? ફલાણો કોણ છે? એમ પૂછવું ઠીક જણાય પણ હું પોતે કોણ છું? એ પ્રશ્ન જ વિચિત્ર લાગે છે. પોતે પોતાને જ ઓળખતો ન હોય એવો એ પ્રશ્ન છે. હું પોતે કોણ છું? એવો પ્રશ્ન કરનાર પોતે જ પોતા માટે અજ્ઞાત હોય એ કેમ બને! પણ વસ્તુસ્થિતિ એવી જ છે. એ કેવી રીતે હોઈ શકે એ હવે આપણે જોઈશું.

કોઈને પૂછવામાં આવે કે તમે કોણ છો? ત્યારે ધર્મની દૃષ્ટિથી હું જૈન છું, વૈષ્ણવ છું, હું શૈવ છું, હું મુસ્લીમ છું, હું ઇસાઈ છું કે હું બુદ્ધ છું એવા કોઈપણ લેબલો પોતા ઉપર લગાવી એ ઊભો રહેશે. તેમ જ રાષ્ટ્રીય દૃષ્ટિથી વિચાર કરનારાઓ હું હિંદી છું, હું રશિયન છું, હું જર્મન, બ્રીટીશ અગર અમેરીકન છું વિગેરે નામો સાથે પોતાની ઓળખાણ જોડશે. એટલું જ નહીં તો કોઈ જૈન પોતે દિગંબરી કે શ્વેતાંબરી, ત્રણ થોયવાળો, ચાર થોયવાળો, અમુક ગચ્છનો, અમુક સંઘાડાના સાધુઓને માનનારો વિગેરે અનેક જાતની ઉપાધિઓ પોતાના નામ સાથે જોડી દેશે. ત્યારે કોઈનું નામ પૂછવામાં આવતાં એ રામદાસ કે ગોવિંદદાસ, સુરેંદ્ર કે દેવેન્દ્ર અગર અન્ય કોઈ નામ બતાવશે. ત્યારે એ બધા જ જવાબો એની સાચી ઓળખાણ આપનારાં નથી એ સ્પષ્ટ જણાય છે. ત્યારે હું કોણ છું એ પ્રશ્ન અણઉકેલાએલો જ રહ્યો એ સ્પષ્ટ છે.

જ્યારે કોઈ કહે કે, હું માણેકલાલ છું ત્યારે તેને પૂછવામાં આવે કે, તને એ નામ કોણે આપ્યું? ત્યારે એ જણાવશે કે એ નામ તો હું નાનો હતો ત્યારે મારી ફઈએ એ નામ મને આપેલું છે. એ પછી તેને બીજો પ્રશ્ન કરવામાં આવે કે, જ્યારે તને એ નામ આપવામાં આવ્યું તે પહેલા તૂં હતો જ કે નહીં? એ હતો એ વસ્તુ તો સ્પષ્ટ જ છે. અર્થાત્ માણેકલાલ એ નામ એના શરીરને એની ફઈએ આપેલું નામ સિદ્ધ થાય છે અર્થાત્ એ નામ તો બીજાઓથી જુદો પાડવા માટે જ આપવામાં આવેલું કૃત્રિમ નામ છે, એ સિદ્ધ થાય છે.

આ શરીર મારું છે, આ ઘર મારું છે, એ ધન–દોલત મારી છે. એવું જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે આપણે કોઈ જુદા જ છીએ એવી મૂલભૂત કલ્પના લઈને જ વિચાર કરીએ છીએ. આ આંખ મારી, આ કાન મારા, આ હાથ મારા, આ પેટ મારું એમ આપણે બોલીએ છીએ એટલું જ નહીં પણ મારું શરીર, મારી વાસના કે ઈચ્છા, મારું મન અગર મારી બુદ્ધિ એવી કલ્પના આગળ ધરીએ છીએ ત્યારે હું કોઈ બધાથી જુદો છું, એ કલ્પના સિદ્ધ તરીકે લઈને જ અહં એ જુદો સ્વતંત્ર, બધાથી પર એવો કોઈ છે, એ ભાવના આપણે છોડી શકતા નથી. એ વિવેચન ઉપરથી હું કોણ છું? એ પ્રશ્ન જેવો ને તેવો જ ઊભો રહે છે.

હું કોણ છું? હું જ્યારે શરીર નહીં, વાસના નહીં, બુદ્ધિ પણ નહીં, કારણ એ બધી વસ્તુઓ મારી તરીકે હું ઓળખાવું છું ત્યારે હું માનનારો બીજો જ કોઈ છે એ સ્પષ્ટ સિદ્ધ થાય છે; માટે જ પોતાને ઓળખવું હોય તો અહમ્ એટલે 'હું' ને ઓળખવું જોઈએ.

આ જન્મ લીધા પછી જે જે ઉપાધિઓ અને સાધનો જીવમાત્રે લીધા છે એ એની પોતાની કમાણી છે. એ કમાણી એટલે જ હું, એવી પોતે ખોટી કલ્પના કરી બેઠેલો છે એટલે જ એ મળેલા સાધનોનો સાચો ઉપયોગ નહીં કરતા ભ્રાંતિવશ અનેક નવી પીડાઓ પોતાની પાછળ વળગાડી લે છે. એ 'હું'માં કેટલી મોટી સત્તા અને શક્તિ સમાઈ છે એનો વિચાર કરતાં આખા વિશ્વ ઉપર સામ્રાજ્ય ચલાવવાની એની તાકાત છે એ સ્પષ્ટ જોવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષાના મૂળાક્ષરો 'અ' થી લગાબી 'હ' સુધી છે. 'ળ' નો સમાવેશ 'લ' માં થઇ જાય છે. અને ક્ષ જ્ઞ તો જોડાક્ષરો છે, સ્વતંત્ર નથી. એટલે 'અ' થી 'હ' સુધીના બધા જ વર્ણોમાં આખા વિશ્વની અક્ષર-સંપત્તિ સમાઇ જાય છે. શબ્દ બ્રહ્મ 'અ' થી 'હ' સુધીના અક્ષરોમાં સમાઇ જાય છે. ત્યારે જ अहम् એટલે 'હુ" માં આખા વિશ્વનો સમાવેશ થઇ જાય છે. હવે 'હું એટલે જો આખું વિશ્વ હોય, તો હુંની શક્તિ કેટલી અપરંપાર અને અનંત છે એ જોતા એ સાક્ષાત્ ઇશ્વરરૂપ છે એમ માનવામાં હરકત જણાતી નથી. એ ઉપરથી 'હુ" કોણ છું?' એનો જવાબ હું 'અહમ્' છું. એવો આવી જાય છે. હવે એ 'અહમ્'નું મહત્ત્વ શું છે? એનું ગૌરવ શું છે? એનો આપણે વિચાર કરીએ.

શાસ્ત્રકારોએ શુદ્ધ નિરુપાધિક, દિવ્ય, અવ્યક્ત અને અરૂપી એવો જે આત્મા તરીકે ઓળખાવ્યો છે, એ જ એ 'અહમ્' છે. આત્મા એ શુદ્ધ છે, છતાં એણે પોતાની આસપાસ એવું ઘેરું આવરણ તૈયાર કરી લીધું છે કે, એને લીધે એનું શુદ્ધ સ્વરૂપ જોવામાં આવતું નથી. જેમ કોઇ દીવો હોય અને એને કાચ, કાગળ, કપડું, લાકડું અને છેવટ લોઢાનું ઢાંકણું ઢાંકી દેવામાં આવે ત્યારે એ દીવો પોતાનો પ્રકાશ આપી શકતો નથી. ધીમે ધીમે એકેક આવરણ દૂર થાય છે ત્યારે તેનો ઝગહળતો પ્રકાશ પ્રગટ થાય છે, અને એનું શુદ્ધ સ્વરૂપ પ્રતીત થાય છે, એવી જ સ્થિતિ આત્માની થઇ છે. કર્મોના અનેક આવરણો એની આસપાસ વીંટળાઇ ગયા હોવાને લીધે એ પોતાને ઓળખી શકતો નથી. એને પોતાના શુદ્ધ સ્વરૂપનું આકલન થઇ શકતું નથી, એથી જ એ ભ્રમિત આત્મા ઉપાધિઓને જ 'હુ" સમજી બાઝી પડે છે. અને એ ભાસમાન ચક્રની આસપાસ આથડ્યા કરે છે. અને એ અવસ્થામાં એનું સમાધાન નહીં થવાને લીધે જ 'कोऽहम्' એટલે હું કોણ છું? એવો પ્રશ્ન ઉત્પન્ન થાય છે. એનો સાચો ઉકેલ જો પોતાને મળી જાય તો એણે પોતે જ ઉત્પન્ન કરેલા આવરણો એને જણાવા માંડે અને એ આવરણો જ પોતાનો માર્ગ કે દૃષ્ટિ રૂંધનારા છે એવો સાક્ષાત્કાર એને થઇ જાય અને એવી સ્થિતિ પ્રાપ્ત થતાં એ આવરણો દૂર કરવા માટે એ પ્રયત્નશીલ થઇ જાય અને ત્યારે જ 'कोऽहम्' નો જવાબ એને 'सोऽहम्'ના રૂપમાં મળી જાય, એ દિવ્ય सोऽहम् મંત્રનો સતત જાપ કરતા અનેકોના ઉપાધીઓ ટળી ગઇ છે ત્યારે આપણે પણ 'હું કોણ છું?' એ પ્રશ્નથી ગોથા ખાવાની જરૂર નથી. આપણે એનો સાચો જવાબ મેળવી આપણી દિવ્યશક્તિ ફોરવી જેમ બને તેમ ઉપાધિઓ ઓછી કરી सोऽहम्-નો સાક્ષાત્કાર મેળવવો એ જ આપણી ફરજ છે.

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

## ( ૭ )

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૩૧) ગૃહસ્થે ભાવતીર્થંકરના નિમિત્તે જે અશનાદિ કર્યું હોય તેમ તીર્થંકરની પ્રતિમાની સન્મુખ મૂકવા માટે જે પકવાન્ન બનાવ્યા હોય તે સાધુઓને કલ્પે કે નહિ?

ઉ૦—(૩૧) ભાવતીર્થંકરને માટે કરેલા અશનાદિ અને તીર્થંકરની પ્રતિમાની આગળ ચઢાવવા માટે કરેલ પકવાન્ન આદિ સાધુઓને કલ્પે જ છે. यदुक्तं—બૃહત્-કલ્પભાષ્યે—संवट्ट मेह पुप्फा सत्थनिमित्तं कया जइ जईणं ॥ न हु लब्भा पडिसिद्धु किं पुण पडिमट्ठमारद्धं ॥ १ ॥

ભાવાર્થ—શાસ્તા એટલે તીર્થંકર, તેમના નિમિત્તે દેવોએ સમવસરણની ભૂમિમાં જે સંવર્તક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવન, મેઘ અને પુષ્પો વિકુર્વેલા હોય તે સાધુઓને માટે નિષેધ કર્યા નથી, જો સાધુઓને ત્યાં ઊભા રહેવું કલ્પે છે તો પછી પ્રતિમાને માટે તો કહેવું જ શું ? પ્રતિમા તો અજીવ છે, તેને માટે કર્યું હોય એનો તો નિષેધ થઇ શકે જ નહિ.

**શંકા**-તીર્થંકર અથવા તીર્થંકરની પ્રતિમાને નિમિત્તે જે કર્યું હોય તે સાધુઓને શા કારણથી કલ્પે છે ?

**સમાધાન**-"साहंमिओ न सत्था तस्स कयं तेण कप्पइ जईणं ॥ जं पुण पडिमाणकयं तस्स कहा का अजीवत्ता ॥१॥"

**ભાવાર્થ**-શાસ્તા એટલે તીર્થંકર, તે લિંગથી અને પ્રવચનથી પણ સાધર્મિક નથી, કારણ કે લિંગથી સાધર્મિક તે કહેવાય કે રજોહરણમુખવસ્ત્રિકાધારી હોય, તે લિંગ આ ભગવંતને નથી, તેવો કલ્પ હોવાથી લિંગથી સાધર્મિક ન કહેવાય. પ્રવચનથી પણ સાધર્મિક તે કહેવાય કે જે સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ સંઘની અંદર હોય "पवयणसंघोगयरे" એ વચનથી ભગવાન્ તેના પ્રવર્તક હોવાથી સંઘની અંદર નથી પણ સંઘના અધિપતિ છે, માટે પ્રવચનથી પણ સાધર્મિક ન કહેવાય તેથી જ તીર્થંકરને માટે કર્યું હોય તે સાધુઓને કલ્પે જ છે, તો પછી પ્રતિમાને માટે કર્યું હોય તેની શી વાત ? તે તો કલ્પે જ છે. પ્રતિમા અજીવ છે, જીવને ઉદ્દેશીને કર્યું હોય તે આધાકર્મી થાય. जीवं उद्दिस्स कडं इति તે જીવત્વ પ્રતિમાને છે જ નહિ, તે પ્રમાણે ચૈત્યવંદનભાષ્ય અને સંઘાચાર ટીકામાં કહ્યું છે.

**પ્ર૦**—(૩૨) મહર્દ્ધિકદેવો બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ જવું-આવવું, બોલવું-ઉત્તર આપવો, આંખને ઉઘાડવા-મીચવી, સંકોચવું-વિસ્તારવું, ઊભા રહેવું, સુવું, બેસવું, વિકુર્વણા એટલે વૈક્રિય રૂપ કરવા-મૈથુનાદિ ક્રિયા કરે છે, અથવા મહર્દ્ધિક હોવાથી બાહ્યપુદ્ગલ ગ્રહણ કર્યા વિના પણ કરે છે. ?

**ઉ૦**—દેવ આદિક સર્વે સંસારી જીવો બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ ગમનાદિ કરવાને માટે સમર્થ હોય છે, બાહ્યપુદ્ગલોને ગ્રહણ કર્યા વિના કાંઇ પણ કરી શકે નહિ. શ્રી ભગવતીસૂત્રના ૧૬ શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યું છે કે—

**देवेणं भंते महिड्ढिए जाव महे सक्खे बाहिरए पोग्गले परियादित्ता पभू आगमित्तए हंता पभू, देवेणं भंते महिड्ढिए एवं एतेणं अभिलावेणं गमित्तए २ एवं भासित्तए वा वागरेत्तए वा ३ ओमिसावित्तए वा निमिसावित्तए वा ४ आउंटावेत्तए वा पसारेत्तए वा ५ ठाणं वासेज्ज वा निसीहियं वा चेयत्तए ६ एवं विउव्वित्तए ७ एवं परियारेत्तए ८ जाव हंता पभू ॥**

**ભાવાર્થ**-હે ભગવંત ! મહર્દ્ધિક તથા મહાસુખી દેવ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને આવવાને માટે સમર્થ છે ? હા, સમર્થ છે, એ પ્રમાણે જવાને-બોલવાને-ઉત્તર આપવાને-ઉન્મેષ આંખ ઉઘાડવી, નિમેષ-આંખ બંધ કરવી-સંકોચવાને-વિસ્તારવાને-ઊભા રહેવાને-સુવાને-બેસવાને-વૈક્રિયરૂપ કરવાને, મૈથુનાદિ કરવાને માટે બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ સમર્થ છે, અહિં સર્વે સંસારી જીવો બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા સિવાય કાંઇ પણ ક્રિયા કરતા નથી આ વાત સિદ્ધ થાય છે.

**પ્ર૦**—(૩૩) પરમાણુપુદ્ગલો નિત્ય છે કે અનિત્ય ? બીજું પરમાણુમાં રહેલ વર્ણ, રસ, ગંધ વિગેરે પર્યાયો હંમેશા સ્વભાવથી રહે છે કે કોઇવાર ફેરફાર થાય ? તેમજ એક પરમાણુમાં કેટલા પર્યાયો હોય છે ?

**ઉ૦**—દ્રવ્યથી પરમાણુ નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે; તેથી જ પરમાણુમાં રહેલા વર્ણાદિ પર્યાયો પણ કેટલાક પોતાની મેળે નાશ પામે છે અને બીજા નવા ઉત્પન્ન થાય છે, જેને માટે શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે—

**परमाणुपुग्गलेणं भंते ! सासए असासए वा, गोयमा सिअ सासए सिअ असासए, से**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ગુર્જર ચિત્ર-કવિઓ

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

અલંકારશાસ્ત્ર યાને કાવ્યશાસ્ત્રને અંગે સંસ્કૃત ભાષામાં જે ગ્રન્થો રચાયા છે તેમાં અલંકારોના મુખ્ય બે વર્ગ પડાયા છે. (૧) શબ્દાલંકાર અને (૨) અર્થાલંકાર. શબ્દાલંકારનો સંબંધ શબ્દ (Sound) સાથે અને અર્થાલંકારનો અર્થ-માયના (Sense) સાથે છે. એ બંને પ્રકારના અલંકારના ઓછાવત્તા ઉપપ્રકારો છે. એ પૈકી 'ચિત્ર' એ શબ્દાલંકારનો એક ઉપપ્રકાર છે. એનાથી અલંકૃત પદ્યમાં અક્ષરો એવા પસંદ કરાયેલા હોય છે કે જે ખડ્ગ, કમળ, ચક્ર ઇત્યાદિ વિવિધ પ્રકારો પૈકી ગમે તે એક આકારને જન્મ આપે છે.

જે કવિએ 'ચિત્ર' અલંકારથી વિભૂષિત પદ્યાત્મક રચના કરી હોય તેને માટે હું 'ચિત્ર-કવિ' એવો પ્રયોગ કરું છું. ચિત્ર-કવિઓને તેમનાં ધર્મ-સંપ્રદાયને લક્ષમાં લેતાં બે વર્ગમાં વિભક્ત કરાય: (૧) જૈન અને (૨) અજૈન. જૈન ચિત્ર-કવિઓએ જે ભાષામાં કૃતિ રચી હોય તે પ્રમાણે અથવા તો એમની માતૃભૂમિ અનુસાર એમના ઉપવર્ગ પાડી શકાય. પ્રસ્તુતમાં ગુજરાતી ભાષામાં જે જૈન ચિત્ર-કવિઓએ કૃતિ રચી છે તેમનો હું "જૈન ગુર્જર ચિત્ર-કવિ" તરીકે નિર્દેશ કરું છું. આવા કવિઓ ત્રણ થઈ ગયા હોય એમ જણાય છે. એમનાં નામ નીચે મુજબ છે.—

---

केण ट्ठेणं भंते ! एवं वुच्चति ! गोयमा ! दव्वट्ठाए सासए पज्जवट्ठाए असासए इत्यादि.

**ભાવાર્થ**-હે ભગવંત ! પરમાણુ પુદ્‌ગલ શાશ્વત કે અશાશ્વત ? હે ગૌતમ, શાશ્વત પણ હોય અને અશાશ્વત પણ હોય છે. હે ભગવંત ! પરમાણુ પુદ્‌ગલ શા કારણથી શાશ્વત અને અશાશ્વત કહેવાય છે ? હે ગૌતમ ! પરમાણુ પુદ્‌ગલ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અશાશ્વત કહેવાય છે. કેટલાક પરમાણુના નિત્યપણાથી પર્યાયોને નિત્ય માને છે તે અસત્ છે. ભગવતીસૂત્રમાં સ્પષ્ટ અનિત્ય કહેલ છે તેમજ એકેક પરમાણુમાં અનંતા પર્યાયો હોય છે. આ વાત શ્રી પન્નવણાસૂત્રના પાંચમાં વિશેષ પદમાં કહેલ છે ત્યાંથી જાણવું.

પ્ર૦—(૩૪) ઇંદ્રિયો સંબંધી આંગુલનું માપ-પરિમાણ કયું ?

ઉ૦—સર્વ ઇન્દ્રિયો અનંત પ્રદેશની બનેલી, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જાડાઇવાળી, અસંખ્ય પ્રદેશની અવગાહનાવાળી કહી છે અને વિસ્તાર તો કાન, આંખ અને નાકનો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો કહ્યો છે. જીભનો વિસ્તાર બેથી નવ અંગુલનો અને સ્પર્શ ઇન્દ્રિયનો વિસ્તાર શરીર પ્રમાણ છે, તેમાં કાન, આંખ અને નાકનો વિસ્તાર એકેકથી અલ્પબહુત્વપણું છે.

સર્વથી થોડા પ્રદેશમાં અવગાહન કરનારી આંખ છે, તેનાથી સંખ્યેયગુણા પ્રદેશમાં અવગાહન કરનાર કાન છે, ઘણા પ્રદેશમાં તેની અવગાહના ઘટે છે, કેમકે તેનાથી સંખ્યેયગુણા પ્રદેશમાં અવગાહન કરનાર નાક છે, તેનાથી જીભ અસંખ્યેયગુણા પ્રદેશમાં અવગાહન કરે છે તેનો બેથી નવ અંગુલનો વિસ્તાર છે, તેનાથી સ્પર્શ ઇન્દ્રિય સંખ્યેયગુણા પ્રદેશની અવગાહનાવાળી છે પણ અસંખ્યેયગુણા પ્રદેશની અવગાહનાવાળી નહિ, કારણ કે તેનો ઉત્કૃષ્ટ લાખ યોજનનો પ્રમાણ છે. આ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રના પંદરમાં ઇન્દ્રિયપદના પહેલા ઉદ્દેશામાં કહ્યું છે, અંગુલ શબ્દથી અહિંયા આત્માંગુલ લેવો. સ્પર્શ ઇન્દ્રિયમાં ઉત્સેધઅંગુલ અને બાકીની ઇન્દ્રિયમાં આત્માંગુલ જાણવું. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) રાયચંદ રવજી (વિ.સં. ૧૯૨૪–૧૯૫૭).

(૨) ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી
(વિ.સં. ૧૯૨૩–૧૯૬૮)

(૩) મહાસુખભાઇ ચુનીલાલ

રાયચંદ રવજી 'શતાવધાની' હતા. એમને "શ્રીમદ્ રાજચન્દ્ર" તરીકે ઓળખાવાય છે. એમણે સત્તર વર્ષની વયે વિ. સં. ૧૯૪૧ માં જેતપુરમાં **પ્રેમપ્રાર્થના** નામની કવિતા રચી હતી, એ નીચે પ્રમાણે છે:—

"અરિહંત આનંદકારી અપારી,
સદા મોક્ષદાતા તથા દિવ્યકારી;
વિનંતિ વણિકે વિચારી,
વળી વંદના સાથ હે દુઃખહારી.
'[1]વવાણિયા'વાસી વણિક જ્ઞાતિ,
રચેલ તેણે શુભ હિત કાન્તિ;
સુબોધ દાખવ્યો રવજીતનુજે,
આ રાયચંદે મનથી રમુજે."

આની પહેલી પંક્તિ ('અરિહંત'થી 'દુઃખહારી' સુધીની) "છત્ર"ના આકારમાં [2]"શ્રીમદ્ રાજચંદ્ર" એ નામના પુસ્તકમાં પૃ. ૩૦ માં રજૂ કરાયેલી જોવાય છે. એ 'છત્ર' નામના 'આકાર–ચિત્ર'થી અલંકૃત છે એમ મનાય છે અને એ હિસાબે મેં આ કવિને "ચિત્ર-કવિ" કહ્યા છે.

ડાહ્યાભાઇ ધોળશાજીએ ઘણાં નાટક રચ્યાં છે. એમણે "ચામર" નામના આકાર–ચિત્રથી વિભૂષિત એક કવિતા રચી હતી એમ કેટલાક કહે છે, પરંતુ હજી સુધી તો એ કવિતા મળી આવી નથી.

મહાસુખભાઇ ચુનીલાલે કેટલાંક પુસ્તક રચ્યાં છે: તેમાં **કાવ્યસરિતા** અત્ર પ્રસ્તુત છે. આ પુસ્તકની ત્રણ આવૃત્તિઓ અનુક્રમે વિ. સં. ૧૯૫૪, વિ. સં. ૧૯૭૦ અને ઇ. સ. ૧૯૩૭ (? વિ. સં. ૧૯૯૩)માં પ્રકાશિત થયેલી છે. બીજી આવૃત્તિ (પૃ. ૩૩૩–૩૪૧, અને ૩૭૦)માં નીચે મુજબનાં આકાર–ચિત્રો સચિત્ર સ્વરૂપે રજૂ કરાયાં છે:—

(૧) ચક્ર, (૨) નાગપાશ, (૩) કૂર્માકાર–નાગપાશ, (૪) કુમુદ, (૫) કમળ, (૬) ચોકી, (૭) કુસુમમાળા, (૮) પતાકા અને (૯) ચક્ર.

આ નવેને લગતી કવિતા આ આવૃત્તિમાં અપાઇ છે. આ પૈકી પહેલી પાંચ કવિતા 'દોહરો' છંદમાં, છઠ્ઠી 'મોતીદામ'માં, સાતમી અને આઠમી 'ઘનાક્ષરી' છંદમાં અને નવમી (છેલ્લી) 'દોહરો' છંદમાં છે.

'ચોકી'થી અલંકૃત કવિતા **'દલપત–કાવ્ય'**ને આધારે યોજાયેલી જણાય છે.

કુસુમમાળા યાને હારથી અલંકૃત કવિતા ઇ. સ. ૧૯૦૫ પહેલાં અવસાન પામેલા **નારાયણ** મોતીલાલ ભટ્ટે પણ રચી હતી. એ કવિતા મને શ્રી જયંતિ દલાલે પૂરી પાડી હતી. એ ભટ્ટે કેટલાંક નાટક રચ્યાં છે. કાવ્યસરિતાની પહેલી આવૃત્તિમાં આ [1]ધ્વજા અને ચાર નાગશિશુથી અલંકૃત કવિતા સચિત્રરૂપે જોવાય છે. **પ્રવીણસાગર**માં પણ "ચાર નાગશિશુ"થી વિભૂષિત હિન્દી કવિતા છે, જો કે એમાં નાગશિશુઓ આના કરતાં વિપરીત દિશામાં છે, એમ એનું ૪૭ મું ચિત્ર જોતાં જણાય છે. ગમે તેમ પણ આ ગુજરાતી કવિતા એ હિન્દીને આભારી હોય એમ લાગે છે.

આકાર–ચિત્રથી વિભૂષિત ગુજરાતી કવિતા રચવાની શરૂઆત કવિ **દલપતરામ**(ઇ. સ. ૧૮૨૦–૧૮૯૮)થી થઈ હોય એમ લાગે છે. એમણે શરૂ કરેલા કાર્યને પારસી કવિ **ખબરદારે** આગળ ચલાવી દિપાવ્યું છે એમ એમની **કાવ્યરસિકા** જોતાં જણાય છે. જૈનોમાં તો મહત્ત્વનું કાર્ય **મહાસુખભાઇ** સિવાય અન્ય કોઇએ કર્યું હોય એમ જોવા-જાણવામાં નથી. અરે! સમસ્ત ગુજરાતી સાહિત્યનો વિચાર કરીશું તો જણાશે કે આ ક્ષેત્ર ગણીગાંઠી વ્યકિતઓએ જ ખેડ્યું છે. આ પરિસ્થિતિમાં સંસ્કૃત રચનાઓની હમે કેટલાક બંધ રજૂ કરવા મેં પ્રયાસ કર્યો છે અને

૧. 'વવાણિયા'એ કાઠિયાવાડનું એક ગામ છે. આ ગામમાં શ્રીમાળી વણિક જ્ઞાતિમાં કવિનો જન્મ થયો હતો.

૨. આ પુસ્તક બ્રહ્મચારી ગોવર્ધનદાસે ઇ.સ. ૧૯૫૧ માં પ્રસિદ્ધ કર્યું છે.

૧ આને લગતી કવિતા 'મનહર' છંદમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દીપાલિકા અને પ્રભુ શ્રી મહાવીર

લેખક : શાસનકંટકોદ્ધારક પૂ. મુનિશ્રી હંસસાગરજી મહારાજ

આર્ય પ્રજાનો કોઈ પણ મનુષ્ય એવો નહિ હોય કે–જે દીવાળીના પર્વથી અજાણ્યો હોય, છતાં દીવાળી શબ્દ લોકભાષાનો હોઈને એનું સંસ્કૃત સ્વરૂપ ઘણા ઓછા જ જાણતા હોય છે. દીવાળીનું સંસ્કૃત સ્વરૂપ દીપાવલી છે. અને તેનો અર્થ 'દીવાઓની શ્રેણી' એવો થાય છે. પણ તેથી દીવાળીને દીવાની શ્રેણી તો કહેવાય જ નહિ. દીવાળીને દિવસે જે લાઈનબંધ કરવામાં આવે છે તે દીવાની શ્રેણી તો એક બાહ્યચિહ્નરૂપ છે. જો આપણે એકલા બાહ્યચિહ્નને વળગીએ, તો ખરેખર આપણે સાપ અને લીસોટાનો ભેદ નથી સમજ્યા, એમ ગણાય. વિચાર કરવાની જરૂર છે કે હંમેશ વપરાતો દીપક ચાલુ અંધકારનો નાશ કરવા માટે વપરાય છે, તો પછી આ શ્રેણીબદ્ધ દીવાઓથી કયા અંધકારના નાશને લક્ષ્યમાં કર્યું હશે ? આ વસ્તુ વિચારતાં વિચક્ષણ પુરુષ સમજી શકશે કે–કોઈક એવા અજોડ ઉદ્યોતના અભાવને લીધે અગર તેના અસ્તને લીધે જે ઉદ્યોતને યાદ કરવાની નિશાની તરીકે આ દીપાલિકા શરૂ થયેલી હોવી જોઈએ.

જૈન સૂત્રોમાં શિરોમણિ તરીકે ગણાતું **શ્રી પર્યુષણા કલ્પસૂત્ર** કે–જેની રચના ભગવાન શ્રી મહાવીર મહારાજ પછી ૧૭૦ વર્ષે શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીજીએ કરેલી છે, તેમાં દીપાલિકાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તેનાથી પ્રાચીન કોઈ પણ ઉલ્લેખ દીપાવલિકા માટે જૈનશાસ્ત્ર કે અન્યદર્શનીય શાસ્ત્રોમાં ઉપલબ્ધ નથી. શ્રી કલ્પસૂત્રના ફરમાન પ્રમાણે ભગવાન મહાવીર મહારાજરૂપી અખંડ ઉદ્યોતકારક કેવળજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવાનના અસ્તસમયથી થયેલ ભાવાંધકારને ટાળવાના ઉપલક્ષણમાં જ આ દીપાવલિકા પ્રવર્તેલી છે.

ધ્યાન રાખવું જરૂરી છે કે–અઢારે દેશના ગણ-રાજાઓએ એકત્રિત થઈને આ દીપાલિકા પ્રવર્તાવેલી છે. અને તેથી જ આ દીપાલિકા સમગ્ર ભરતક્ષેત્રમાં વ્યાપક થઈ ગઈ અને થાય જ, એમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી. આ દીપાલિકાના બાહ્ય સ્વરૂપ તરીકે એવી દીપકની શ્રેણીને જેટલું વળગવું જોઈએ, તેના કરતાં કોઈગુણા વધુ અંશે શ્રમણભગવાન મહાવીર મહારાજે પોતાની હયાતિમાં અંતિમાવસ્થા વખતે જે સોળ પહોર સુધી અખંડિત ધારાએ દેશના આપી હતી, અને તેમાં ૫૫ અધ્યયનો પાપફળને જણાવનારાં, પંચાવન અધ્યયનો પુણ્યફળને જણાવ-નારાં અને પ્રશ્ન પૂછ્યાં વગરના છત્રીશ વ્યાકરણો કે જે બાર પર્ષદાને સંભળાવ્યાં હતાં; અને બાર પર્ષદાએ

---

એના ફળરૂપે મેં **ચિત્રપદ્યાવલી** રચી છે. એમાં ચક્ર-બંધ, છત્ર-બંધ અને હળ-બંધથી અલંકૃત એકેક પદ્ય પ્રકાશિત થએલ છે. એ દ્વારા મેં શ્રમણ ભગવાન મહાવીરસ્વામી, 'પુરુષાદાનીય' પાર્શ્વનાથ અને બાલબ્રહ્મચારી નેમિનાથનું ગુણોત્કીર્તન કર્યું છે. પહેલું પદ્ય "અખંડ આનંદ"(વ. ૮, અં. ૧)માં ઈ. સ. ૧૯૫૧ માં અને ત્રીજું પદ્ય અહીંના (સૂરતના) "ચુનીલાલ ગાંધી વિદ્યાભવન"ના "Bulletin"માં સચિત્ર સ્વરૂપે રજૂ કરાયેલ છે. આ "બુલેટીન"માં મેં ગુર્જર ચિત્ર–કવિઓની કૃતિઓ તેર ચિત્ર સહિત આપી છે.[1]

અંતમાં [2]ગુજરાતીમાં ચિત્ર–કાવ્યો રચવા માટે જૈન કવિઓને અને જે જૈન કે અજૈન ગુર્જર ચિત્ર–કવિઓની નોંધ લેવી અહીં રહી ગઈ હોય તેનાં નામ વગેરે ઉપર પ્રકાશ પાડવા સહૃદય સાક્ષરોને મારી સાદર વિજ્ઞપ્તિ છે.

---

૧ આને અંગેના મારા લેખનું નામ "Gujrati Illustrations of letter–diagrams" છે.

૨ સંસ્કૃતમાં જેઓ ચિત્ર–કાવ્યો રચી શકે તેમ હોય તેઓ તેમ કરશે તો મને આનંદ થશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તે સાંભળીને જે છેલ્લો લ્હાવો અખંડપણે લીધો હતો તેનું જ અનુકરણ કરવાની દરેક ભવ્યાત્માઓને જરૂર છે.

અર્થાત્ દીપાવલિને દિવસે ભગવાનના કાલધર્મ પછી કરાયેલી દીવાની પ્રવૃત્તિમાં જવા કરતાં હયાતિની વખતે થયેલો અખંડપણે સોળ પ્રહરનો ભાવ ઉદ્યોતરૂપી લાભ વિશેષ અનુકરણીય લેખાવો જોઇએ. અને એટલા જ માટે શ્રી દીપાલિકા પર્વને પામીને દીવાળીના દિવસને આશ્રીને છઠ્ઠની તપસ્યા કરવાપૂર્વક સોળ પહોરનો પૌષધ દરેક ભવ્યાત્માઓએ કરવો જોઇએ. અને દીવાળીના દિવસે રાતે 'महावीरस्वामिसर्वज्ञाय नमः' એવો બે હજાર પદનો જાપ એટલે વીશ નવકારવાળી, પાછલી રાતે 'महावीरस्वामिपारंगताय नमः' પદની વીશ નવકારવાળી તથા તે બંને વખતે દેવવંદન આદિ દીવાળી પર્વની આરાધનાને માટે કરવું જોઇએ. દીવાળી પર્વ લોકને અનુસારે કરવાની આજ્ઞા હોવાથી તે પર્વ આસો વદ ચૌદશે થાય તો પણ કારતક શુદ ૧ ના દિને 'श्री गौतमस्वामिसर्वज्ञाय नमः' એ પદનો બે હજાર જાપ અને દેવવંદન સૂર્ય ઉદય પહેલાં શ્રી ગૌતમસ્વામી ભગવાનના કેવલજ્ઞાનના અંગે કરવું જોઇએ. ધ્યાન રાખવું કે-આ દીપાલિકા પર્વ રાજા, મહારાજા અને સામાન્ય વર્ગમાં એટલું બધું પ્રચલિત થયેલું હતું અને છે કે જેને અંગે ભગવાન ઉમાસ્વાતિ વાચકજીને સ્પષ્ટ એમ જણાવવું પડ્યું કે-દીવાળીના તહેવારમાં ઇતરલોકોથી જૈનોએ જુદા પડવું નહિ. અને તેને માટે 'श्रीमद्वीरस्य निर्वाणं कार्यं लोकानुगैरिह' એવા પ્રઘોષને અગ્રસ્થાન મળ્યું અર્થાત્ લોકો જે દિવસે દીવાળી કરે તે દિવસ છઠ્ઠના બીજા ઉપવાસનો હોય તેવી રીતે જૈનોએ પણ દીવાળી કરવી તે શાસ્ત્રસિદ્ધ છે, એમ દીવાળી પર્વની મહત્તાને માટે જ જણાવ્યું છે. આ પર્વને પામીને સમસ્ત કલ્યાણકામી આત્માઓએ પોતાના આત્મકલ્યાણાર્થે એથી જ આ પર્વનું છઠ્ઠ તપથી વિધિવિધાનપૂર્વક આરાધન કરવા ધ્યાન રાખવું અતિ આવશ્યક છે.


વર્ષોથી જેની નકલ મળતી ન હતી તે

અપૂર્વ ગ્રંથ વસાવો

# શ્રી શત્રુંજય માહાત્મ્ય

( ભાષાંતર )

સૌ પ્રથમ આપણી સભાએ આ ગ્રંથ સં. ૧૯૫૬ માં પ્રસિદ્ધ કરેલો, કેટલાક વર્ષથી આ ગ્રંથની નકલો મળતી ન હતી એટલે પૂજ્ય પં. શ્રી મહારાજશ્રી કનકવિજયજી ગણિવર્યની પ્રેરણાથી આ નવી આવૃત્તિ પ્રકાશિત થઇ છે.

તીર્થાધિરાજના સમગ્ર ઇતિહાસને આવરી લેતા તેમજ પરમ પૂનિત તીર્થના અદ્દભુત માહાત્મ્યને વર્ણવતા આ સુવર્ણ સરીખા ગ્રંથને માટે શું વર્ણન કરવું ?

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ આશરે સવાપાંચસો, સુંદર છાપકામ, પાકું હોલ કલૉથ બાઈંડીંગ, સુંદર જેકેટ, સુંદર ચિત્રો, મૂલ્ય માત્ર રૂા. ૭, પોસ્ટેજ અલગ

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ : પુસ્તક ૭૩ મું

[ સં. ૨૦૧૩ ના કાર્તિકથી આસો ]

## વાર્ષિક અનુક્રમણિકા

### ૧. પદ્યવિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી જૈન ધર્મ પ્રકાશ જયવંતું રહો | ( શ્રી દુર્લભદાસ ત્રિ. દોશી ) | ૧ |
| ૨ | श्री जैन धर्म प्रकाश चिरंकाल अमर रहो | ( મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી ) | ૨ |
| ૩ | નૂતન વર્ષારંભ | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૩ |
| ૪ | શ્રી નવકાર મહામંત્ર પદ | ( શ્રી ચીમનલાલ ભોગીલાલ ) | ૪ |
| ૫ | શ્રી શત્રુંજયનું પ્રાચીન સ્તવન | ( સંપા૦ મોહનલાલ ગિરધરભાઈ ) | ૧૭ |
| ૬ | मुसाफिर | ( શ્રી રાજમલ ભંડારી ) | ૧૮ |
| ૭ | श्रीमहावीरप्रार्थनाशतकम् | ( સ્વ. પંડિત હરગોવીંદદાસ ત્રિકમદાસ ) | ૧૯, ૩૪, ૬૭, ૮૩, ૯૮, ૧૧૫, ૧૩૦, ૧૪૬ |
| ૮ | શ્રી વાસુપૂજ્યજિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૩૩ |
| ૯ | શ્રી વંથલીમંડન શ્રી શાંતિજિન સ્તવન | ( મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી ) | ૪૩ |
| ૧૦ | શ્રી ભાવનગર જિનમંદિર-સ્તુતિ | ( મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી ) | ૬૫ |
| ૧૧ | સમર કર | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૬૬ |
| ૧૨ | શ્રી શાંતિનાથજિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૮૧ |
| ૧૩ | શ્રી મહાવીર જન્મ-કલ્યાણક | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૮૨ |
| ૧૪ | સંભવનાથજિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૯૭ |
| ૧૫ | સોનાની ખાણ | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૯૯ |
| ૧૬ | શ્રી સીમંધરજિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૧૧૩ |
| ૧૭ | શ્રી નેમનાથજિન સ્તવન | ( મુનિશ્રી ભાસ્કરવિજયજી ) | ૧૧૪ |
| ૧૮ | શ્રી રાણકપુરમંડન શ્રી આદિજિન સ્તવન | ( મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી ) | ૧૨૯ |
| ૧૯ | શ્રી મહાવીરજિન સ્તવન | ( સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી ) | ૧૪૫ |
| ૨૦ | શ્રી સમેતશિખર વંદન | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૧૪૭ |
| ૨૧ | સંગ તેવો રંગ | ( સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી ) | ૧૬૧ |
| ૨૨ | શ્રી સિદ્ધચક્રનું સ્તવન | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૧૬૨ |


### ૨. ગદ્યવિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષાભિનંદન | ( શ્રી અમરચંદ કુંવરજી શાહ ) | ૫ |
| ૨ | પત્રમાં તત્વજ્ઞાન | ( પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય ) | ૭, ૨૨, ૩૫, ૬૮, ૧૧૬, ૧૪૮ |
| ૩ | ચાર અનુયોગસ્થાપક દશપૂર્વી : લેખાંક ૩થી૫ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૦, ૨૪, ૭૨ |
| ૪ | અમૃત | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૧૩ |
| ૫ | દુષ્ટને સજ્જન કેવી રીતે બનાવાય ? | ( મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી ) | ૧૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૬ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક | (અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરિજી મહારાજ) | ૨૦, ૪૨, ૬૯, ૯૨, ૧૧૦, ૧૨૨, ૧૬૯ |
| ૭ | કારાગૃહ-વાસ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૬ |
| ૮ | શ્રી જિનદર્શનની તૃષા : લેખાંક ૭થી૯ | (ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા) | ૨૯, ૪૬, ૧૨૬ |
| ૯ | શ્રી વર્ધમાન-મહાવીર : લેખાંક ૧૫થી૧૮ | (સ્વ. શ્રી મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડીયા-મૌક્તિક) | ૩૮, ૮૪, ૧૦૦, ૧૬૩ |
| ૧૦ | પ્રમત્ત અને અપ્રમત્તભાવ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૪૪ |
| ૧૧ | કર્મોનું સર્વોપરીપણું | " " | ૭૫ |
| ૧૨ | વલ્લભ-હરીયાળી અને તેનું સ્વોપજ્ઞ વિવેચન | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડીયા) | ૭૭ |
| ૧૩ | દેહમમત્વમોચન | (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી] | ૮૦ |
| ૧૪ | પ્રાર્થના પ્રભુ સુધી શી રીતે પહોંચે? | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૮૬ |
| ૧૫ | અદ્‌ભુત વિવાદ-સભા ૧-૨ | (શ્રી મોહલાલ દીપચંદ ચોકસી) | ૮૯, ૧૦૪ |
| ૧૬ | 'તપ'ગચ્છના છ નામ અને ઉત્પત્તિ | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૯૪ |
| ૧૭ | કડવાં ફળ છે ક્રોધનાં | (શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી) | ૯૬ |
| ૧૮ | નમે તે સહુને ગમે | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૦૮ |
| ૧૯ | સરળ હરિયાળી-વિવેચન સહિત | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૧૧૨ |
| ૨૦ | મતભેદ અને મનોભેદ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૧૮ |
| ૨૧ | વીર હરિયાળી-વિવેચન સહિત | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૧૨૪ |
| ૨૨ | ઝાંઝવાનાં જળ | (શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી) | ૧૨૮ |
| ૨૩ | મરીચીની ભૂલ! | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૩૧ |
| ૨૪ | વૃદ્ધવાદી ઊર્ફે દીર્ઘદર્શી ગુરુ | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૧૩૪ |
| ૨૫ | સન્મતિતર્કના સર્જક દિવાકરજી | ( " " " ) | ૧૫૧ |
| ૨૬ | અદ્‌ભુત શક્તિ | (મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી) | ૧૫૪ |
| ૨૭ | સંતોષ એ પરમસુખ છે. | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૫૬ |
| ૨૮ | વાચક યશોવિજયગણિ મોટા કે એમના સહોદર પદ્મવિજય? | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૧૫૯ |
| ૨૯ | વ્યવહાર-કૌશલ્ય : ૩૧૫ | (સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા-મૌક્તિક) | ૧૬૦ |
| ૩૦ | સિદ્ધસેન દિવાકર એ જ ક્ષપણક | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૧૬૬ |
| ૩૧ | હું કોણ છું? | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૬૮ |
| ૩૨ | જૈન ગુર્જર ચિત્ર-કવિઓ | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૧૭૧ |
| ૩૩ | દીપાલિકા અને પ્રભુ મહાવીર | (મુનિરાજશ્રી હંસસાગરજી) | ૧૭૩ |


## ૩. પ્રકીર્ણ


| | | |
|---|---|---|
| ૧ | શ્રી સિદ્ધક્ષેત્ર બાલાશ્રમનો સુવર્ણ મહોત્સવ | ૩૦ |
| ૨ | પ્રકીર્ણ | ૩૨ |
| ૩ | પુસ્તકોની પહોંચ ૪૮, ચૈત્ર-વૈશાખ ટા. પે. ૩, જેઠ ટા. પે. ૩, અશાડ ટા. પે. ૩, આસો ટા. પે. ૩ | |
| ૪ | શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ : વીસમું અધિવેશન : ભાષણસારાંશ અને ઠરાવો | ૧૩૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोनी पहोंच

**૧-૩. દર્શન અને ચિંતન**—ભાગ ૧, ૨ અને ૩. અનુક્રમે ડેમી આઠપેજી સાઇઝના પૃષ્ઠ ૩૨+૭૩૬=૭૬૮; ૮+૭૬૯ થી ૧૨૬૪ અને ૧ થી ૩૬૪=૮૬૮ અને ૮+૨૨+૫૯૮=૬૨૮) પ્રકાશક—પંડિત સુખલાલજી સન્માન સમિતિ, ગુજરાત વિદ્યાસભા-ભદ્ર, અમદાવાદ. પ્રથમ બે ભાગનું મૂલ્ય રૂા. ચૌદ અને ત્રીજા હિંદી લેખસંગ્રહના વિભાગના રૂા. સાત. સુંદર જેકેટ અને મજબૂત બાઇંડીંગ. પ્રાપ્તિસ્થાન—શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૬/૪૭ ધનજી સ્ટ્રીટ–મુંબઇ.

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના નામથી કોઈ પણ જૈન કે જૈનેતર વિદ્વાન અજ્ઞાત નથી. લઘુ વયમાં શીતળાના ઉપદ્રવથી બાહ્યચક્ષુઓ નષ્ટ થવા છતાં આંતરચક્ષુના વિકસ્વરપણાથી તેમણે જે જ્ઞાન-પ્રાપ્તિ કરી એટલું જ નહીં પણ તે તે વિષયોને સર્વજનસુલભ શૈલીથી રજૂઆત કરવાની પ્રૌઢ ને વિશદ શૈલી સિદ્ધહસ્ત કરી તેથી તેમના અવિરત પુરુષાર્થ તેમજ જ્ઞાનપિપાસાની સૌરાઈ મુક્તકંઠે પ્રશંસા કરે છે.

તેઓશ્રીના પ્રકાંડ પાંડિત્યથી આકર્ષાઈ તેમના સન્માન નિમિત્તે એક સમિતિ નીમવામાં આવી, જેણે ભગીરથ પ્રયત્ન કરી લગભગ એક લાખ રૂપિયાનું ભંડોળ એકત્ર કર્યું. ભારતના ઉપરાષ્ટ્રપતિ સર સર્વપલ્લી રાધાકૃષ્ણના પ્રમુખપદે સન્માન-સમારંભ મુંબઇખાતે યોજવામાં આવ્યો અને તે પ્રસંગે પંડિતજીના મૌલિક વિચારના તેમજ તત્વચિંતનના જે જે લેખો સમયે સમયે પ્રગટ થયા હતા તે સર્વને ઉપરના ત્રણ વિશાળ વોલ્યુમમાં મુદ્રિત કરીને અર્પણ કરવામાં આવ્યા. સંપાદક મંડળે આ અંગે સારી જહેમત ઉઠાવી અને ટૂંક સમયમાં જ આ ગ્રંથો સન્માન-પ્રસંગે પ્રસિદ્ધ કર્યાં.

પંડિતજીની લેખનશૈલી માટે વિશેષ કશું પણ ન લખતાં એટલું જ સૂચવીએ છીએ કે-જિજ્ઞાસુએ એ ત્રણે ગ્રંથો સાદ્યંત વાંચી જવા. પ્રથમ બે વિભાગમાં પંડિતજીના ગુજરાતી ૧૫૯ લેખોનો સંગ્રહ છે જ્યારે ત્રીજા વિભાગમાં ૮૧ હિંદી લેખોને સંગ્રહિત કરવામાં આવ્યા છે. એકંદરે આ પ્રયાસ આવકારદાયક અને અભિનંદનીય છે.

**૪. समयसुन्दर-कृति-कुसुमाञ्जली**—સંપાદક શ્રીયુત અગરચંદજી નાહટા તેમજ શ્રી ભંવરલાલજી નાહટા. ક્રાઉન સોળપેજી ૭૯૦ પૃષ્ઠ, પાકું બાઇંડીંગ છતાં મૂલ્ય માત્ર રૂા. પાંચ. પ્રકાશક ને પ્રાપ્તિસ્થાન નાહટા બ્રધર્સ. ૪ જગમોહનમલ્લિક લેન, કલકત્તા ૭.

અભય જૈન ગ્રંથમાળાના પંદરમા પુષ્પ તરીકે પ્રસિદ્ધ થયેલા આ વિશાળ ગ્રંથમાં મહોપાધ્યાયશ્રી સમયસુંદરજીનું સંપૂર્ણ ને વિસ્તૃત જીવનચરિત્ર આપવાની સાથે તેઓશ્રીની સર્વ કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મહોપાધ્યાયજીની હસ્તલિખિત કોપીના ફોટાઓ આપી, કવિશ્રીની લેખનશૈલી કેવી રમ્ય હતી તેનું દૃષ્ટાંત પણ પૂરું પાડ્યું છે.

ભાઇશ્રી અગરચંદ નાહટા સંશોધનપ્રેમી ગૃહસ્થ તરીકે સારી પ્રસિદ્ધિ પામેલા છે. સંશોધન એ જ જાણે તેમનો જીવન-વ્યવહાર હોય તેમ નવી-નવી દિશામાં તેઓનો અવિરત પ્રયાસ ચાલુ જ હોય છે અને તેઓને તેમના કાર્યમાં સારી સફળતા પણ સાંપડે છે. આ અપૂર્વ ગ્રંથનું સંપાદન કરી તેઓએ એક સરસ ગ્રંથને પ્રકાશમાં મૂકયો છે. ભૂમિકા લેખક શ્રી હજારીપ્રસાદ દ્વિવેદી અને મહોપાધ્યાયના જીવનચરિત્રના લેખક મહોપાધ્યાયશ્રી વિનયસાગરજી મહારાજે પણ અનુમોદનીય શ્રમ લઇ ગ્રંથને વધુ વિદ્વદ્ભોગ્ય બનાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

**૫. આફ્રિકામાં**—(પુસ્તક બીજું, પ્રવાસ અને પ્રવચનો) લેખક તેમ જ પ્રવચનકાર યતિશ્રી હેમચંદ્રજી. યતિશ્રી પોતાની વક્તૃત્વ છટાથી અને પ્રવચન શૈલીથી સારી રીતે જનપ્રિય થઇ પડ્યાં છે. તેમણે બર્મા, આફ્રિકા, એડન, એબીસીનીયા, સીલોન, મલાયા, જપાન આદિ દેશોની મુલાકાત લીધી છે અને ત્યાંની પ્રજામાં ધર્મના સંસ્કારનું સિંચન કરવા સાથે જાગૃતિ અને જોમ આણ્યાં છે. આ પુસ્તક બે ખંડમાં છે જેમાં પ્રથમ ખંડમાં પ્રવાસ-સંસ્મરણો છે અને બીજા ખંડમાં દશ પ્રવચનોનો સંગ્રહ આપવામાં આવ્યો છે, જે પ્રેરણાદાયક છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૨૯૦, સંપાદક ગુલાબચંદ **જૈન**, પ્રકાશક—શ્રી લોંકાગચ્છ **જૈન** શ્રી સંઘ—ગોંડલ.

**૬. જીવન-સોપાન**—(જીવનવિકાસ અંગે માર્ગદર્શન) વ્યાખ્યાતા યતિશ્રી હેમચંદ્રજી. પ્રકાશક શ્રી લોંકાગચ્છ જૈન સંઘ—ગોંડલ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૩૦ મૂલ્ય રૂપિયો એક. આ પુસ્તકમાં યતિશ્રીના અગિયાર પ્રવચનોને પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. દરેક પ્રવચન જીવનના ધર્મને સ્પર્શી જાય તેવું બોધક અને જાગૃતિકારક છે.

**૭. જૈન સમાજ સાવધાન**—લેખક મુનિરાજ શ્રી હંસસાગરજી મહારાજ, પ્રકાશક શ્રી મોતીચંદ દીપચંદ—ઠળીયા. તિથિના પ્રશ્ને જે મતભેદ ઊભો કર્યો છે અને તેને કારણે પર્યુષણ જેવા પર્વાધિરાજ પ્રસંગે પણ જે મનોમાલિન્ય પ્રસરે છે તે સંબધમાં પ્રાચીન તિથિ-માન્યતા કેટલી સાચી છે તે દર્શાવવા સંબંધી પૂજ્ય મુનિરાજે આ બોતેર પાનાની ટેકટમાં સારો પ્રયાસ કર્યો છે.

**૮. પંચકલ્યાણક પૂજા અને ઉપયોગી સંગ્રહ**—સંગ્રાહક—પૂ. સાધ્વીશ્રી મંગળશ્રીજી મહારાજ.

એકસો બત્રીશ પાનાના આ પુસ્તકમાં પં. શ્રી ધુરંધરવિજયજીકૃત શ્રી આદિજિન પંચકલ્યાણક પૂજા અને પં. શ્રી યશોભદ્રવિજયજીકૃત શ્રી મહાવીરસ્વામી પંચકલ્યાણક પૂજા અને કેટલોક અન્ય સંગ્રહ આપવા ઉપરાંત શ્રી નવપદજીના નવે દિવસની કરવાની ક્રિયાઓ, સ્નાત્રપૂજા વિગેરેનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ખપી જીવોને આ ઉપયોગી પુસ્તક છે. પ્રાપ્તિસ્થાન શ્રી દાનશાળા **જૈન** શ્રાવિકા—ઉપાશ્રય, ભાવનગર.

**૯. સૌભાગ્ય-વિવેક-વાટિકા**—આ લઘુ પુસ્તિકામાં એકતાલીશ જેટલા ગરબાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પૂ. સાધ્વીશ્રી નેમશ્રીજીના સદુપદેશથી નાગપુરના મહિલામંડળે આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે. કન્યાઓ તથા બહેનો માટે આ ગરબાની બુક સારી છે. મૂલ્ય આઠ આના. પ્રાપ્તિસ્થાન—જૈન મહિલા મંડળ—નાગપુર.

નવપદારાધન માટે અતિ ઉપયોગી —— **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના. લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર**

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો**
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—**શ્રી જૈન ધ. પ્ર. સ.—ભાવનગર**

મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ—સાધના મુદ્રણાલય, દાણાપીઠ—ભાવનગર

For Private And Personal Use Only